ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



સપના નટવરસિંહ ગોહિલ



શ્રદ્ધા હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૧ ૫૩૬૮૯



રમ્ય અલ્પેશ પટેલ
ફોન : ૨૩૨૨૫૨૪૧
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬

### ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ દિવસની ઉજવણીનું સઘન આયોજન

# જિલ્લામાં ૧૨૫૧થી વધુ સ્થળોએ યોગ શિબિરો અને કાર્યક્રમ

## ગત વર્ષે ૪ લાખથી વધુ લોકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો, આ વર્ષે એનાથી પણ વધુ લોકોને સહભાગી બનાવવા પ્રયત્નો હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૮

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ દેન એવી યોગવિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે. તેમજ પ્રતિવર્ષ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર કરાતાં ભારત સરકારે યોગ વિદ્યાની મૂળભૂત એવા સમગ્ર ભારત વર્ષમાં આગામી ૨૧ જૂને વિશ્વ યોગ દિવસના વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

૨૧ જૂનના રોજ પૃથ્વીની ભ્રમણકક્ષા દરમિયાન સૂર્ય આકાશગંગામાં સૌથી ઉચ્ચ કક્ષાએ હોય છે. તેથી જ આ દિવસ લાંબામાં લાંબા દિવસ તરીકે ઓળખાય છે. વળી ભારતીય શાસ્ત્રી અનુસાર આ દિવસથી દક્ષિણાયનની શરૂઆત થાય છે અને દક્ષિણાયનની શરૂઆત બાદ આવતી પ્રથમ પૂર્ણિમાને ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. એમ કહેવાય છે કે જે લોકોને યોગ સાધના કરવાની શરૂઆત કરવી હોય તે લોકો માટે શિવ ભગવાન પ્રથમ યોગ ગુરૂ હોઈ અને દક્ષિણાયન યોગસાધના માટે અનુકૂળ સમયગાળો હોઈ આ દિવસ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે દર વર્ષે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ દિવસની ઉજવણીનું સઘન આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત જિલ્લામાં ૧૨૫૧થી વધુ સ્થળોએ યોગ શિબિરો અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૪ લાખથી વધુ લોકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. આ વર્ષે એનાથી પણ વધુ લોકોને સહભાગી બનાવવાના સઘન પ્રયત્નો હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, એમ આ અંગેની માહિતી આપતાં જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આ પણ જાણો



એક સામાન્ય મનુષ્ય પોતાના જીવનકાળમાં ૩૫ ટન ભોજન આરોગી જાય છે

# ૧૪મીથી અમદાવાદમાં ૩૨મી નેશનલ અન્ડર-૧૩ ઓપન એન્ડ ગર્લ્સ ચેસ ચેમ્પીયનશીપ



ગાંધીનગર, તા. ૮

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "૩૨મી નેશનલ અન્ડર-૧૩ ઓપન એન્ડ ગર્લ્સ ચેસ ચેમ્પીયનશીપ-૨૦૧૮" ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા.૧૪ થી ૨૨ જૂન, ૨૦૧૮ દરમ્યાન રાજપથ કલબ (એ.સી. હોલ), એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે ખાતે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના નેજા હેઠળ રમાશે.

ટુર્નામેન્ટનું સ્થળ રાજપથ કલબ, (એ.સી. હોલ), એસ.જી. હાઈવે, અમદાવાદ નિયત કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં લગભગ ૪૫૦ જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ દેશભરમાંથી ભાગ લેવા આવશે. જેમાં પ્રણવ આનંદ (કર્ણાટક) (રેટીંગ-૨૩૩૬), પ્રણવ વી (તામીલનાડુ) (રેટીંગ-૨૨૬૫), આર્યન વર્શને (દિલ્હી) (રેટીંગ-૨૨૦૯), આદિત્ય સામંથ (મહારાષ્ટ્ર) (રેટીંગ-૨૧૨૧), માહિતોષ દે (ઓરિસ્સા) (રેટીંગ-૨૧૧૫) ઓપન કેટેગરીમાં ટોપ સીડેડ ખેલાડીઓ આ ટુર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ રહેશે. જ્યારે ગર્લ્સ વિભાગમાં ભાગ્યશ્રી પાટીલ (મહારાષ્ટ્ર) (રેટીંગ-૧૯૦૫), ડબલ્યુએફએમ ધ્યાના પટેલ (ગુજરાત) (રેટીંગ-૧૭૫૨), સવીથા શ્રી બી (તામીલનાડુ) (રેટીંગ-૧૭૨૧), તન્વી વાસુદેવ (ગોવા) (રેટીંગ-૧૬૯૮) તેમજ સીયા સાગર (ગુજરાત) (રેટીંગ-૧૬૬૦) ગર્લ્સ કેટેગરીમાં ટોપ સીડેડ ખેલાડીઓ છે જેઓ પણ આ ટુર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ રહેશે. બીજા અનેક ખેલાડીઓ કે જેઓ મહારાષ્ટ્ર, ગુજરાત, યુપી, તામીલનાડુ, તેલંગાણા, કેરાલા, કર્ણાટક, દિલ્હી, રાજસ્થાન, આસામથી આવશે તેઓ પણ પોતાનું કૌશલ દેખાડશે અને અનેક અપસેટ્સ સર્જશે.

ગુજરાત તરફથી આદિ જૈન, અનન્મય શર્મા, અક્ષર ઝાલા, મોક્ષીત શાહ, ભ્રીગુ સૂર્યનારાયણ, દેવમ મકવાણા, સ્વયમ દાસ, ડબલ્યુએફએમ ધ્યાના પટેલ, ક્રિતી શાહ, વિશ્વા વાસનાવાલા, માહિ દોષી, આન્યા અગ્રવાલ, ઉર્વી પરીખ, ડબલ્યુસીએમ રિધ્ધી પટેલ તેમજ સ્વરા શાહ ગુજરાત રાજ્ય તરફથી તામીલનાડુ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક તેમજ અન્ય રાજયના ટોપ સીડેડ ખેલાડીઓને બરાબરીની ટક્કર આપશે. ગુજરાતના ખેલાડીઓ માટે આ એક ઉત્તમ અને સોનેરી તક પોતાના હોમ સ્ટેટમાં રમવાની છે, જે તેઓએ ચૂકવી ન જોઈએ.

બહારગામના રાજયના પસંદગી પામેલ ખેલાડીઓ માટે રહેવાની વ્યવસ્થા કોઈપણ ચાર્જ લીધા સિવાય જીએસસી બેન્ક, ૧૩૨ ફૂટ રીંગ રોડ, પલ્લવ ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. ડૉ જયમીન વસા (વસા ફાર્માકેમ પ્રા. લિ.) તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તથા અન્ય મહાનુભાવો દ્વારા આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન તા.૧૪ જૂન, ૨૦૧૮ના રોજ બપોરે ૧:૦૦ કલાકે કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટમાં સૌ પ્રથમ વખત જ ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન દ્વારા કેશ લેસ પધ્ધતિને અનુસરીને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. ભાગ લેવા ઈચ્છાતા ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન http://aicf.in/national-tournament-registration/ આ લીંક દ્વારા કરાવવાનું રહેશે.

પ્રાઈઝ ડીસ્ટ્રીબ્યુશન સમારંભ તા.૨૨ જૂન, ૨૦૧૮ના રોજ ૧૬:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. કુલ રૂા.૨,૨૫,૦૦૦/-ના રોકડ ઈનામો (રૂા.૧,૧૨,૫૦૦/- ઓપન કેટેગરીમાં જયારે રૂા.૧,૧૨,૫૦૦/- ગર્લ્સ કેટેગરીમાં) ૩૬ ખેલાડીઓ (ઓપનમાં ૧૮ અને ગર્લ્સમાં ૧૮)ને એનાયત કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટમાં કુલ ૧૧ રાઉન્ડ સ્વિસ સિસ્ટમથી રમાશે. ચીફ આર્બીટર તરીકે શ્રી સ્વપનીલ બેનસોદ તેમજ આસી. આર્બીટર તરીકે શ્રી નિહાર રંજન સસ્મલ કે જેઓની ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન દ્વારા સીધી નિમણૂંક કરવામાં આવી છે તેઓ ફરજ બજાવશે. તેમજ ગુજરાતના સહાયક આર્બીટર તરીકે આઈ. જી. પરમાર તેમજ ધર્મેન્દ્ર પંડ્યા સેવાઓ બજાવશે. આ ઉપરાંત ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને વર્લ્ડ ચેસ ફેડરેશનના નેજા હેઠળ "પ્રથમ ગુજરાત ઈન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડમાસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ"નું પણ આયોજન તા.૫ થી ૧૨ ઓક્ટોબર, ૨૦૧૮ દરમ્યાન કર્ણાવતી કલબ, અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે.

## ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કૉલેજમાં પ્રવેશ માટેની નોટિસ જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૮

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઍલઍલબી તથા ઍલઍલઍમના પ્રથમ સત્રમાં ઍડમિશન માટેની વિગતવાર નોટિસ કૉલેજના નોટિસ બૉર્ડ ઉપર તથા ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવી છે, જેની નોંધ લેવા કૉલેજના આચાર્ય દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આજે રેશનલ સમાજની માસિક બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૮

રેશનલ સમાજ, ગાંધીનગરની માસિક બેઠક શનિવાર, તા. ૯મી જૂન, ૨૦૧૮ના રોજ સાંજે ૫.૩૦ કલાકે પ્લોટ નં. ૬૧/૧, ઘ ટાઈપ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે મળી રહી છે. સૌ સભાસદ મિત્રોને સમયસર આ મીટિંગમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી પંકજ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રવિવારે 'સર્જક સાથે સંવાદ'માં કલ્પેશ પટેલની સર્જનયાત્રા ચર્ચાશે

ગાંધીનગર, તા. ૮

ગરવી ગુર્જર ધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે તથા માતૃભાષા ગુજરાતી સદાકાળ મઘમઘતી, મહેકતી અને ધબકતી રહે તે માટે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજવામાં આવતા અવનવા સાહિત્યિક કાર્યક્રમોમાં 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના જાણીતા નવલકથાકાર, વાર્તાકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના મહામંત્રી કલ્પેશ પટેલની સર્જન યાત્રાની ગોષ્ઠિનો કાર્યક્રમ અને તેમની વાર્તાના સ્વમુખે પઠનનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને તા. ૧૦ જૂન ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો, ભાવકો તથા સર્વ સભ્યોને સંસ્થાના પ્રવક્તા મૂળજી પરમાર 'દધિ' દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરનો વિદ્યાર્થી આણંદ કેન્દ્રમાં પ્રથમ



ગાંધીનગર, તા. ૮

આણંદ ખાતે અભ્યાસ કરતા ગાંધીનગરના વતની ઋગ્વેદ ભૂપેન્દ્રકુમાર પરમારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી મીડિયમ)માં ૯૯.૯૧ પીઆર પ્રાપ્ત કરી આણંદ કેન્દ્રમાં બી ગૃપમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. તેમણે ફિઝિક્સમાં ૯૯, કેમિસ્ટ્રીમાં ૯૮, બાયોલોજીમાં ૮૨ માર્ક્સ પ્રાપ્ત કર્યા છે.

નીટમાં પરીક્ષામાં ૪૫૮ માર્ક્સ પ્રાપ્ત કરી મૅડિકલમાં પોતાનો પ્રવેશ પણ તેમણે નિશ્ચિત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ઋગ્વેદ સામાન્ય વહીવટ વિભાગના નિવૃત્ત સૅક્શન અધિકારી ચતુરભાઈ પરમારના પુત્ર છે.

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે




## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝમાં અભ્યાસ કરતા ૬૫ વિદ્યાર્થીઓએ કડી ખાતે કાર્યરત "બિસાઝા પ્રાઈવેટ લી."ના ઓટોમેશન પ્લાન્ટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૮

સાંપ્રત સમયમાં જયારે કમ્પ્યુટરાઈઝેશન અને ઓટોમેશનએ જીવન શૈલીનું અવિભાજય અંગ બની રહ્યું છે ત્યારે આ વિષયોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને વિસ્તૃત માહિતી મેળવવા માટે આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ- બી.સી.એ.માં અભ્યાસ કરતાં ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ કડી ખાતે આવેલી "બિસાઝા પ્રાઈવેટ લી."ના ઓટોમેશન પ્લાંટનો અભ્યાસ કરવા રૂબરૂ મુલાકાત લીધી હતી. આ આયોજન વિષેની વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે આ વિઝિટમાં વિદ્યાર્થીઓને ગ્રુપમાં વિભાજિત કરીને તેઓને બિસાઝા પ્રાઈવેટ લી. ટેક્સટાઈલ પ્લાન્ટના રૉ મટિરિયલ ક્લાસિફિકેશન, મેન્યુફેક્ચરિંગ, ટેસ્ટિંગ, ઓન-ગોઈંગ પ્રોડકશન અને ડિસ્ટ્રિબ્યુશન યુનિટના ઓટોમેશન પ્લાન્ટની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ટેક્સટાઈલ ઈંડસ્ટ્રીમાં પણ કમ્પ્યુટર ટેક્નોલોજીના ઉપયોગથી ઓટોમેશન દ્વારા પ્રોડક્ટનું ઉત્પાદન કઈ રીતે થાય છે તેની વિસ્તુત માહિતી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ હતી. સાથે સાથે કંપની મેનેજમેંટનાં હોદ્દેદારોએ સાચા ઉદ્યોગ સાહસિક બનવા માટેની વિવિધ ટીપ્સ પણ વિદ્યાર્થીઓને આપી હતી.

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો. નિધિ દિવેચા અને પ્રો. પ્રિયંકા શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વડોદરા જી.એસ.એફ.સી.પરિસર અને સરકીટ હાઉસ ખાતે

# યોગાભ્યાસથી ચિંતન શિબિરના બીજા દિવસનો પ્રારંભ







ગાંધીનગર, તા. ૮

વડોદરા જી.એસ.એફ.સી. પરિસર ખાતે યોજાઇ રહેલી ૯મી ચિંતન શિબિરનો બીજા દિવસનો પ્રારંભ વહેલી સવારના કુદરતના શુદ્ધ અને વૃક્ષાચ્છાદિત જી.એસ.એફ.સી. પરિસર અને સરકીટ હાઉસ-વડોદરા ખાતે યોજાયેલા યોગાભ્યાસથી પ્રારંભ થયો હતો.

આ યોગાભ્યાસમાં પ્રશિક્ષકશ્રીએ યોગમાં યમ થી સમાધિ સુધીના સમન્વયની સમજણ અને યોગમાં આસનો પ્રાણાયામ અને ધ્યાનનું મહત્વ સમજાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને શિબિરાર્થીઓ લગભગ એક કલાક સુધી યોગામાં જોડાયા હતા. આ યોગાભ્યાસનો પ્રારંભ સુક્ષ્મ યોગ પ્રાણાયામથી અને ધ્યાનથી સમાપન થયું હતું. જી.એસ.એફ.સી.પરિસર અને સરકીટ હાઉસ ખાતે વહેલી સવારે યોજાયેલ યોગાભ્યાસમાં અર્ધચક્રાસન, વૃક્ષાસન, પદ્માસન, અર્ધ-પૂર્ણ સર્વાસન, વિપરીત સર્વાસન, ધનુરાસન, મકરાસન, નૌકાસન, મુકતાસન, અર્ધપવન મુકતાસન, નટરાજાસન, સવાસન, પર્વતાસન, અનુલોમ-વિલોમ પ્રાણાયમ જેવી વિવિધ મુદ્રાઓમાં યોગાભ્યાસ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ યોગાભ્યાસ બાદ જી.એસ.એફ.સી.પરિસરના વિખ્યાત વડના વૃક્ષ નીચે સર્વે વરિષ્ઠ અધિકારીઓ સાથે વિશ્રામ કરી મનોમંથન કર્યુ હતું.

૯મી ચિંતન શિબિરના બીજા દિવસે 'કૃષિ ક્ષેત્રે સંભાવનાઓ' વિષયના સેશનમાં બોલતાં કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ જણાવ્યું હતું કે, રાજય સરકાર કૃષિ અને પશુપાલનના વિકાસ માટે અંદાજપત્રમાં સારી જોગવાઈઓ કરીને ખેડૂતોના બાવળામાં બળ પુરવાના પૂરતા પ્રયત્નો કરે છે. કૃષિ ક્ષેત્રે ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા ઘણા પ્રયત્નો થાય છે અને થઈ રહ્યા છે.

નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પશુ દીઠ દૂધ ઉત્પાદન વધે અને એકર દીઠ પાક ઉત્પાદન વધે તે માટે ઓછી જમીનમાં વૈજ્ઞાનિક ઢબે ઓછા સમયમાં વધુ પાક મળે તે માટે નકકર પગલાં-આયોજન કરવા પડશે. સાથેસાથે કૃષિકારોને પાક અને દૂધના અને અન્ય ભાવો સમયસર મળી રહે તે માટેના પ્રયાસો અનિવાર્ય છે.

મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રસાયણોયુકત ખાતરનો ઉપયોગ ઘટાડીને ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ વાળવાનો અનુરોધ કરતાં તેમણે ખેતી ખર્ચ ઘટાડીને ખેત ઉત્પાદન વધારવા અનુરોધ કર્યો હતો. ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે કહ્યું કે ખેડૂતોની આવક બમણી કરવા માટે વાયબ્રન્ટ સમિટમાં જે પ્રયાસો હાથ ધરાય છે તે માટે પણ વિદેશમાં જઈને પાક ઉત્પાદન વધે અને યોગ્ય ભાવો મળે તે માટે સક્રિય પ્રયાસો કરીને ખેડૂતોને માર્ગદર્શન આપવું નિતાંત અનિવાર્ય બની ગયું છે. સિંચાઈ, પાણી પુરવઠા રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે કહ્યું કે, ઉદ્યોગકારો ચીજ ઉત્પાદન કરે તો તેના ભાવ તે પોતે જ નકકી કરે છે એવું જ ખેડૂતો માટે પણ હોવું જોઈએ.

૯મી ચિંતન શિબિરમાં કૃષિ-પશુપાલન વિષયના મનન-મંથનમાં મંત્રી શ્રી રમણભાઈ પાટકર, વરિષ્ઠ અધિકારી શ્રી દિલીપ રાણા, શ્રી ડી.પી.દેસાઈ, શ્રી એચ.કે.પટેલ, શ્રીમતી અંજુ શર્મા, શ્રી સુભાષ, શ્રી એમ. કે. જાદવ, શ્રી કે. કૈલાસનાથન, શ્રી ડી.એન.પાંડે, શ્રી રાજીવ ગુપ્તા, શ્રી પૂનમચંદ પરમાર, શ્રી બી.કે.કુમાર, શ્રી વિક્રાન્ત પાંડે, શ્રી રાજગોપાલન, શ્રી મુદિત અગ્રવાલ, શ્રી એસ.કે.લાંગા, શ્રીમતી સોનલ મિશ્રા અને શ્રીમતી ડી.થારા વગેરેએ ભાગ લીધો હતો.